પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૦૭ ૧૯ જાન્યુઆરી, ૨૦૨૦, રવિવાર; પોષ વદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સાંઈબાબાની જન્મભૂમિનો વિવાદ ઘેરો બન્યો

**ઉદ્ધવ ઠાકરેના નિવેદનથી સ્થાનિકોમાં નારાજગીનું મોજુ : આજે શિરડી બંધ : ઉદ્ધવ ઠાકરેએ પાથરીને સાંઈ બાબાની જન્મભૂમિ તરીકે ગણાવ્યા બાદ શિરડી ગામના લોકોમાં રોષ**



મુંબઈ,તા. ૧૮

મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેના નિવેદન બાદ સાઈબાબાની જન્મભૂમિને લઇને જોરદાર વિવાદે ગંભીર વળાંક લઈ લીધો છે. આના કારણે ઉદ્ધવ ઠાકરેની ચારેબાજુ ટિકા કરવામાં આવી રહી છે. મુખ્યપ્રધાનના નિવેદન બાદ આવતીકાલે ૧૯મી જાન્યુઆરીના દિવસથી શિરડી બંધનું એલાન કરવામાં આવ્યું છે. જેનો ધ્યાનમાં લઈનો સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી રહી છે. શિરડી સાંઈ બાબા મંદિર અચોક્કસ મુદત માટે બંધ થશે કે કેમ તેની ચર્ચા પણ જોરદાર રીતે દેશમાં છેડાઈ ગઈ છે. સાંઈ બાબાની જન્મભૂમિનમે લઈને વિવાદ હવે ગંભીર બની ગયો છે. રવિવારના દિવસે શિરડી બંધની જાહેરાત કરવામાં આવી છે. શિરડી બંધના એલાન બાદ સુરક્ષા વ્યવસ્થાને પણ મજબુત કરવામાં આવી છે. ઉદ્ધવના નિવેદનથી શ્રદ્ધાળુઓની ભાવનાને મોટી ઠેસ પહોંચી છે. ઉદ્ધવ ઠાકરેએ પાથરીને સાંઈ ની જન્મભૂમિ તરીકે ગણાવી છે. જેના કારણે ગંભીર વિવાદ છે. એકબાજુ શિરડી ગામના લોકો ભારે નારાજ છે. બીજી બાજુ ભાજપના સાંસદ

● અનુસંધાન પાના ૭ પર

# ઉત્તર ભારતમાં હજુય હિમવર્ષા

**ઠંડી વધુ વધવાના સાફ સંકેત : કાતિલ ઠંડી-ધુમ્મસ વચ્ચે જનજીવન ઠપ, રાજસ્થાનમાં હાલત કફોડી : હિમાચલપ્રદેશ, કાશ્મીર અને ઉત્તરાખંડમાં ભારે વર્ષા અને હિમવર્ષાની વચ્ચે ચારેબાજુ બરફની ચાદર છે : ઉત્તરાખંડમાં હિમવર્ષાથી ૫૦૦ ગામોને અસર**

નવી દિલ્હી,તા. ૧૮

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી અને ધુમ્મસની ચાદર વચ્ચે જનજીવન ઠપ થયેલુ છે. હાલમાં કાતિલ ઠંડીથી કોઈ રાહત મળે તેવી શક્યતા દેખાઈ રહી નથી. કારણ કે હજુ તો ભારે વરસાદ અને હિમવર્ષાની આગાહીને યથાવત રાખવામાં આવી છે જેથી કેટલાક દિવસ મુશ્કેલભરેલા રહી શકે છે. એકબાજુ હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં હિમવર્ષા થઈ રહી છે. સાથે સાથે વરસાદ અને હિમવર્ષા હાલમાં જારી રહી શકે છે. બીજી બાજુ રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ભારે વરસાદ પડી શકે છે. જેથી ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી વધી શકે છે. જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલમાં ભારે હિમવર્ષાના કારણે ચારેબાજુ બરફની ચાદર છે. તાપમાનમાં ઘટાડો થવાથી જનજીવન પર અસર થઇ છે. દ્રાસની પાસે મશકોહમાં ભેખડ ધસી પડતા એક જવાન શહીદ થયા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ઉત્તરીય પાકિસ્તાનના ભાગોમાંથી આવી રહેલા પવનના કારણે ભારતમાં ઠંડી વધી જવાના સંકેતો છે. જેથી ભારે વરસાદની સાથે સાથે હિમવર્ષા પણ જારી રહી શકે છે. પૂર્વીય મધ્યપ્રદેશ, છત્તિસગઢ, પશ્ચિમી રાજસ્થાનમાં ગાજવીજ

● અનુસંધાન પાના ૭ પર

# શિકાગોમાં બરફના તોફાનથી નવ કરોડ નાગરિકો પ્રભાવિત

**હજારો ફ્લાઈટ રદ : સ્કૂલો, યુનિવર્સિટીઓ બંધ, ઘણા વિસ્તારોમાં ૫ ઇન્ચ સુધી બરફ જામ્યો**



શિકાગો,તા.૧૮

અમેરિકાના દક્ષિણી રાજ્ય બર્ફીલા તોફાન અને ભારે વરસાદની ચપેટમાં છે. ડેલીમેલમાં પ્રકાશિત રિપોર્ટપ પ્રમાણે, શિકાગોમાં બર્ફીલા તોફાન અને ખરાબ હવામાનના કારણે શુક્રવારે દરેક એરપોર્ટ પરથી ૧૦૦૦ ફ્લાઈટને કેન્સલ કરવામાં આવી હતી. ઓહારે ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ૬૯૦થી વધુ, મિડવે ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ૧૬૯ અને સેન્ટ લૂઈના લેમ્બર્સ એરપોર્ટ પર ૧૩૦થી વધુ ફ્લાઈટ્સ ને કેન્સ કરવી દેવામાં આવી હતી. બીજી તરફ મિસૌરીના કોલંબિયા રીજનલ એરપોર્ટ પર શનિવાર બપોર સુધી બધી ફ્લાઈટ રોકી દેવામાં આવી છે. તોફાન અને ખરાબ હવામાનના કારણે ૯ કરોડ લોકો પ્રભાવિત થયા છે.

રિપોર્ટ પ્રમાણે ખરાબ હવામાનના કારણે શિકાગોમાં લગભગ ૪૭૦ ફ્લાઈટ્સ મોડી ઉડી હતી. શિકાગોમાં શુક્રવારે બપોરે ભીષણ તોફાન આવ્યું હતું. હવામાન વિભાગે બર્ફવર્ષાના કારણે રસ્તાઓની સ્થિતિ ખરાબ હોવાની ચેતવણી જાહેર કરી હતી. સોલ્ટ લેક સિટીના ઘણા વિસ્તારોમાં ૫ ઈન્ચ સુધી બરફ

# જમ્મુ કાશ્મીરમાં મોબાઈલ તેમજ ઈન્ટરનેટ સર્વિસ શરૂ

**૧૦ જિલ્લાઓમાં ટુજી ઇન્ટરનેટની સેવા શરૂ : ૩૬ કેન્દ્રિય પ્રધાનો કાશ્મીરમાં વિકાસ સંબંધિત કામગીરી અંગે માહિતી ફેલાવશે**

શ્રીનગર, તા. ૧૮

જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ લાગુ કરવામાં આવેલા પ્રતિબંધ હવે ધીમે ધીમે ખતમ થઈ રહ્યા છે. વહીવટીતંત્ર દ્વારા સ્થિતિમાં ઉલ્લેખનીય સુધારો થતા હવે પ્રીપેડ સિમ કાર્ડ પર વોઈસ અનો એસએમએસ સેવા ફરી શરૂ કરી દેવામાં આવી છે. મોબાઈલ સેવા શરૂ થતા સામાન્ય લોકોને મોટી રાહત થઈ છે. દસ જિલ્લાઓમાં ટુજી ઈન્ટરનેટ સેવા પણ ફરી શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત ૩૬ કેન્દ્રિય મંત્રી જમ્મુ કાશ્મીરમાં વિકાસ સંબંધિત કામોને લઈને જાગરુકતા જગાવવા માટે જનાર છે. જમ્મુ કાશ્મીરના મુખ્ય સેક્ટરી રોહિત કંસલે માહિતી આપતા કહ્યું છે કે, ઉંડાણપૂર્વક સમિક્ષા કરવામાં આવ્યા બાદ આદેશ અપાયો છે કે, જમ્મુ કાશ્મીરમાં તમામ સ્થાનિક પ્રીપેડ સીમ કાર્ડ પર વોઈસ અને એસએમએસ સેવા ફરી શરૂ કરી દેવામાં આવશે. આની સાથે સાથે જમ્મુના તમામ ૧૦ જિલ્લાઓમાં

● અનુસંધાન પાના ૭ પર

# ભગવાન કહેશે તો પણ દોષિતોને માફ નહીં કરું : નિર્ભયાની માતા

ન્યુ દિલ્હી,તા.૧૮

દેશના વરિષ્ઠ ધારાશાસ્ત્રી ઈંદિરા જયસિંહ તરફથી માફી આપવાની સલાહને લઈ નિર્ભયાની માતાએ આકરી ટિપ્પણી કરી હતી. નિર્ભયાની માતા આશા દેવીએ સ્પષ્ટ શબ્દોમાં સંભળાવતા કહ્યું હતું કે, મને સલાહ આપવા વાળી ઈન્દિરા જયસિંહ કોણ? દેશ આખો આ દોષિતોને ફાંસી આપવા ઈચ્છે છે.

**વરિષ્ઠ ધારાશાસ્ત્રી ઇન્દિરા સિંહે દોષિતોને માફ કરવાની સલાહ આપતાં આશા દેવી ભડક્યા**

નિર્ભયાના ચારેય દોષિતોની ફાંસીની તારીખ લંબાવવાને લઈ એક તરફ પીડિતાની માતા આશા દેવી દુઃખી છે, બીજી તરફ વકીલ ઈન્દિરા જયસિંહએ પોતાના એક નિવેદનથી સમગ્ર દેશને ચોંકાવી દીધું છે. વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે નિર્ભયાની માતાને અપીલ કરી હતી કે, તેઓ દોષિતોને માફ કરી દે અને સોનિયા ગાંધીનું અનુકરણ કરે. જે રીતે સોનિયા ગાંધીએ રાજીવ ગાંધીના હત્યાના મામલામાં દોષી નલિનીને માફ કરી દીધી હતી, તેવું જ નિર્ભયાની માતાએ પણ કરવું જોઈએ.

● અનુસંધાન પાના ૭ પર

# જેપી નડ્ડા આવતીકાલે ભાજપ પ્રમુખપદનો કાર્યભાર સંભાળશે

નવી દિલ્હી,તા. ૧૮

જેપી નડ્ડા ૨૦મી જાન્યુઆરીના દિવસે ભારતીય જનતા પાર્ટીના અધયક્ષ બનવા જઈ રહ્યા છે. પાર્ટી તરફથી કહેવામાં આવ્યુ છે કે ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષની ચૂંટણી માટે અરજી દાખલ કરવાની પ્રક્રિયા ૨૦મી જાન્યુઆરીના દિવસે શરૂ કરાશે. જો જરૂર પડશે તો ૨૧મી જાન્યુઆરીના દિવસે ચૂંટણી યોજાનાર છે. નડ્ડા બિનહરિફ તરીકે રહી શકે છે. જગત પ્રકાશ નડ્ડા જુન ૨૦૧૯માં કાર્યકારી પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. નડ્ડા પાર્ટીના ૧૧માં પ્રમુખ તરીકે રહે તેવી શક્યતા છે. હાલમાં કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહની પાસે પાર્ટી અધ્યક્ષ તરીકેની જવાબદારી છે. શાહ કેન્દ્રમાં મંત્રી બન્યા બાદ પાર્ટીની ગતિવિધીઓ પર નજર રાખવા માટે નડ્ડાને સાથી તરીકે બનાવવામાં આવ્યા હતા. જેપી નડ્ડા વિદ્યાર્થી કાળથી જ એબીવીપી સાથે જોડાયેલા જુદા જુદા સંગઠનોના જુદા જુદા હોદ્દા પર રહ્યા છે. તેઓ પ્રથમ વખત વર્ષ ૧૯૯૩માં હિમાચલપ્રદેશમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા

● અનુસંધાન પાના ૭ પર











